www.prepp.in

Prepp
Your Personal Exams Guide

UPSC CSE 2018 MAINS PAPER A OCTOBER 06, 2018 GUJARATI LANGUAGE QUESTION PAPER

# ગુજરાતી / GUJARATI

## ( ફરજિયાત ) / ( COMPULSORY )

| | |
|---|---|
| સમય મર્યાદા : ત્રણ કલાક<br>*Time Allowed : **Three Hours*** | મહત્તમ ગુણ : 300<br>*Maximum Marks : **300*** |

### પ્રશ્નપત્ર સંબંધી સૂચનાઓ

***પ્રશ્નના ઉત્તર આપતા પહેલાં નીચે મુજબની બધી સૂચનાઓ વાંચો :***

*બધા પ્રશ્નોના ઉત્તર આપવાના ફરજિયાત રહેશે.*

*પ્રશ્નની સામે તેના ગુણ દર્શાવવામાં આવ્યા છે.*

*પ્રશ્નના ઉત્તર ગુજરાતી ભાષામાં (ગુજરાતી લિપિમાં) આપવાના રહેશે.*

*જે પ્રશ્નોમાં શબ્દસંખ્યા દર્શાવવામાં આવી છે, એ જાળવવાની રહેશે. નિયત શબ્દસંખ્યા કરતાં લાંબા કે ટૂંકા ઉત્તરોના ગુણ કપાશે.*

*પ્રશ્નપત્ર અને ઉત્તરવહીનું કોઈ પણ કોરું પાનું અથવા તેનો કોરો ભાગ અચૂક છેકી નાખવો.*

### Question Paper Specific Instructions

***Please read each of the following instructions carefully before attempting questions :***

*All questions are to be attempted.*

*The number of marks carried by a question / part is indicated against it.*

*Answers must be written in **GUJARATI (Gujarati script)** unless otherwise directed in the question.*

*Word limit in questions, wherever specified, should be adhered to and if answered in much longer or shorter than the prescribed length, marks may be deducted.*

*Any page or portion of the page left blank in the Question-cum-Answer Booklet must be clearly struck off.*

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

**Q1.** નીચેનામાંથી કોઈ એક વિશે 600 શબ્દોમાં નિબંધ લખો : *100*

(a) લોકશાહીમાં ન્યાયતંત્રની ભૂમિકા

(b) પર્યાવરણ અને આત્મનિર્ભરતા

(c) વૈશ્વિકરણમાં ભાષાની ભૂમિકા

(d) ભારતની અર્થવ્યવસ્થા અને તેની સમસ્યાઓ

**Q2.** નીચેનો ગદ્યખંડ ધ્યાનપૂર્વક વાંચી તેને અંતે આપેલા પ્રશ્નોના સ્પષ્ટ અને સાચા ઉત્તર તમારી ભાષામાં આપો. *12×5=60*

આખા સંસારનું ધ્યાન મહાત્માગાંધી તરફ એટલા માટે ગયું કે એમણે પશુતાની સામે આત્મીયતાનું શસ્ત્ર તૈયાર કર્યું, તોપગોળા અને મશીનગનો નો સામનો કરવા માટે એમણે અહિંસાનું શસ્ત્ર ઉપયોગમાં લીધું. પરંતુ વિચારમાંગી લે એ વાત એ છે કે મહાત્માગાંધીએ અહિંસાનો સહારો શા માટે લીધો ? એ માટે કે અંગ્રેજોની સામે હિંસાનો સહારો લઈને તેઓ ભારતને સ્વતંત્ર કરી શકવાને સમર્થ ન હતાં ? કે પછી એ માટે કે સમગ્ર માનવસમાજને તેઓ સમજાવવા માંગતા હતાં કે મનુષ્ય જ્યાં સુધી આવાં પશુતાભર્યા સાધનોનો ઉપયોગ કરશે ત્યાં સુધી તે સંપૂર્ણ માનવ કહેવાને અધિકારી ન બની શકે ? પહેલીવાત અહિંસાને કમજોર અને નિઃસહાય વ્યક્તિનું સાધન બનાવે છે, જેનો અર્થ એ થાય છે કે, જ્યાં સુધી આપણી પાસે તોપગોળા નથી ત્યાં સુધી સત્યાગ્રહ યોગ્ય છે. પરંતુ બીજીવાત અહિંસા જેવું શસ્ત્ર મનુષ્યને વિકાસનું સાધન બનાવે છે. એના રૂપને પવિત્ર અને નિર્મળ બનાવવાના ઉપાય સિદ્ધ કરે છે.

એ વાત સાચી છે કે મહાત્માગાંધીના નેજા હેઠળ ભારતવાસી જ્યારે અંગ્રેજો સામે સંઘર્ષ કરી રહ્યા હતાં ત્યારે એમાંથી મોટાભાગના ભારતવાસીઓનો એ ભાવ હતો કે, અહિંસા એ માત્ર સાધન છે, જેનો સહારો આપણે એટલા માટે લીધો છે કે આ બધાં હિંસક સાધનો દ્વારા અંગ્રેજોનો સામનો કરવાની આપણી પાસે સુવિધા અને તક નથી. (પરંતુ ગાંધીજી પોતે આ વિચારને માનતા ન હતાં. તેઓ પોતે ગાંધીજીના ઉપરોક્ત વિચારને માનતા ન હતાં.) અહિંસાને ગુમાવીને તેઓ ભારતને સ્વતંત્ર કરવાના પક્ષપાતી ન હતાં. ભારતીય સ્વતંત્રતા બહુ મોટું ધ્યેય કે લક્ષ હતું, એનાથી પણ વધારે મોટું ધ્યેય ભારતીય જનસ્વભાવમાં આમૂલ પરિવર્તન લાવવાનું હતું, ભારતીય જનમાનસને વિશ્વાસ આપવાનો હતો કે જે ધ્યેયોની પ્રાપ્તિ માટે તેઓ આવાં પાશવિક, પશુતાભર્યા સાધનોનો સહારો લેતાં હતાં, એ બધાં ધ્યેયો માનવીય મૂલ્યો કે માનવતાથી પણ પ્રાપ્ત કરી શકાય એમ છે.

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

મહાત્માગાંધીનું મુખ્ય ધ્યેય ભારતવાસીઓના દુ:ખનું નિવારણ નહીં, પરંતુ પ્રત્યેક મનુષ્યને આ પશુતા ભરી વૃત્તિમાંથી મુક્ત કરવાનું હતું. તિરસ્કાર, ક્રોધ, અને આવેગ એ બધું પશુઓ માટે જ છે. પશુઓ તેમના વિરોધીઓનો સામનો આ બધાં શસ્ત્રોથી કરે છે. પરંતુ મનુષ્ય પશુથી જુદો છે, તત્વત: ઉચિત કે યોગ્ય એ છે કે, મનુષ્ય પોતાના આવેગોને નિયંત્રણમાં લે અને પોતાના દૈનિક જીવનની સમસ્યાઓના નિવારણ માટે આ બધાં ઉપાયોને ઉપયોગમાં લે, જે પશુઓ માટે દુર્લભ છે પણ માનવ માટે સુલભ છે. પ્રશ્ન એ થાય છે કે, મહાત્માગાંધીએ આવો નિશ્ચય કેમ કર્યો ? અહિંસાનો આ પ્રયોગ કે આરંભ વિશ્વના અન્ય દેશોમાં ન થયો, તો ભારતમાં જ શા માટે એનો આરંભ થયો ? મોટાભાગના લોકો આ સવાલને એમ કહીને ટાળે છે કે આ આકસ્મિક વાત હતી. પરંતુ આ આકસ્મિક વાત હતી જ નહિ. કહેવામાં આવે છે કે, સત્યાગ્રહ અથવા સવિનય કાનૂનભંગની કલ્પના અમેરિકાના મહાનચિંતક થુરોએ પણ કરી હતી અને એની થોડી ઘણી અસર રશિયાના સંત સાહિત્યકાર ટોલ્સ્ટોયને પણ મળી ગઈ હતી. મહાત્માગાંધી, થુરો અને ટોલ્સ્ટોય બન્નેના વિચારોથી પરિચિત હતાં. આપણા ભારત દેશમાં પણ મહાત્માગાંધી પહેલાં મહર્ષિ અરવિંદ સવિનય કાનૂનભંગનો તિરસ્કાર અને અસહયોગનો વિચાર સમગ્ર દેશ સામે મૂકી ચૂક્યા હતાં. છતાં પણ એક વાત સ્પષ્ટ થતી નથી કે એનો પ્રયોગ સૌથી પહેલાં ભારત દેશે જ શા માટે કર્યો ?

એનો જવાબ બિલકુલ સ્પષ્ટ છે કે, આત્મબળ એ શારીરિકબળથી શ્રેષ્ઠ છે. આ સત્યને જેટલાં ભારતવાસીઓ જાણતા હતાં, એટલાં વિશ્વનાં બીજાં દેશોના લોકો જાણતા ન હતાં. થુરો, ટોલ્સ્ટોય અથવા એમર્સન કે રોમ્યારોલાં વગેરેમાં આ પ્રકારની ભાવના જાગી, તેની પાછળ ભારતીય દર્શનની ઉત્તેજના જ કામ કરી રહી હતી. સવિનય કાનૂનભંગની કલ્પના સુધી એ જ વ્યક્તિ જઈ શકતી હતી કે જે કયાંતો ભારતીય વિચારધારા થી પ્રભાવિત હોય અથવા અનાયાસેજ આ પ્રકારની ચિંતન પદ્ધતિ ઉપર એ આવી ગયો હોય કે જે પદ્ધતિ ભારતની ચિંતન પદ્ધતિ રહી છે. થુરો અને ટોલ્સ્ટોયના અનુસંધાનમાં આ બન્ને વિકલ્પ સંભવિત રહ્યાં હશે. રહી ગયા મહર્ષિ અરવિંદ કે જેઓ ભારતીય જ હતાં.

(a) સમગ્ર સંસારનું ધ્યાન મહાત્માગાંધી તરફ શા માટે ગયું ? 12

(b) સ્વતંત્રતાની પ્રાપ્તિ માટે મહાત્માગાંધી દ્વારા અહિંસાને જ મુખ્ય સાધન શા માટે ગણવામાં આવ્યું ? 12

(c) લેખકે મનુષ્ય અને પશુ વચ્ચે કયું અંતર બતાવ્યું છે ? 12

(d) અહિંસાનો પ્રયોગ ભારતમાં જ શા માટે આરંભાયો ? 12

(e) સવિનય કાનૂનભંગની કલ્પના સુધી કોણ જઈ શકતું હતું ? 12

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

**Q3.** નીચેના ગદ્યખંડનો સારાંશ લગભગ એક તૃતીયાંશ શબ્દોમાં લખો. શીર્ષક આપવાની જરૂર નથી. સારાંશ તમારા શબ્દોમાં લખો. **60**

આજના આધુનિક મનુષ્ય પાસે ઈતિહાસ અને સમયના નિયમો તેમજ કાયદાઓનું જેટલું જ્ઞાન છે એટલું કદાચ પહેલાં કોઈ યુગમાં પ્રાપ્ત ન હતું. સાચા અર્થમાં એ ઐતિહાસિક 'મનુષ્ય' છે. એક તરફ ઈતિહાસ બોધને જ આધુનિકતાનો પર્યાયમાની લેવામાં આવ્યો છે. મધ્યકાલીન સંસ્કૃતિમાં ધર્મનું જે કેન્દ્રિય કે મહત્ત્વનું સ્થાન હતું, એણે ધીરે ધીરે પાછળ ડગલાં માંડતા માંડતા પોતાનું સ્થાન ઈતિહાસને સમર્પિત કરી દીધું છે. મનુષ્ય પ્રકૃતિનાં વાતાવરણમા નહીં, ઈતિહાસનાં સંદર્ભમાં જીવી રહ્યો છે – આ સંદર્ભમાં બધીજ ઘટનાઓ ભૂતકાળની ઘટનાઓથી નવી છે, જે અત્યારે થઈ રહ્યું છે તે પહેલા ક્યારેય થયું નથી. મનુષ્યના ક્રમિક વિકાસનો આ બોધ પ્રાચીન યુનાનીઓ માટે નવીન તેમજ પારકો હતો. ભારતીય મનીષીઓ માટે પણ એટલું ન નવું હતું. તેઓ સમયને વિકાસના રૂપમાં નહીં, પણ 'ચક્ર' ના રૂપમાં જોતાં હતાં. પહેલાના સમયમાં 'પરંપરા' મનુષ્યના લોહીમાં હતી, જે એની જીવનશૈલીને નિયંત્રણમાં રાખતી હતી. હવે ઈતિહાસ મનુષ્યના ભવિષ્યને નક્કી કરે છે અને પરંપરાને શોધવા માટે એણે ભૂતકાળમાં એટલેકે અતીતમાં જવું પડે છે.

જો કે આ વાત સાચી છે કે, ઈતિહાસનું જે વર્ચસ્વ આપણા જીવનમાં છે તે પહેલા ક્યારેય ન હતું, એની સાથે સાથે એ વાત પણ એટલી જ સાચી છે કે, મનુષ્ય આજે સમય અને ઈતિહાસથી હેરાન છે. ઓગણીસમી સદીમાં સાર્વભૌમિક સત્તાથી સંપન્ન જે ઈતિહાસબોધ મનુષ્યની પ્રગતિ અને મુક્તિનો જે સંદેશ લાવ્યો હતો. તે આપણા વર્તમાન સમય સુધી આવતાં આવતાં પોતાનીજ ક્રુર મજાકના સાધનમાં પરિવર્તિત થતો દેખાઈ રહ્યો છે. ભવિષ્યને નક્કી કરવાવાળા નિયમ, કાયદા, નૂસખાં અત્યારે પણ છે પરંતુ એના ઉપર વીસમી સદીના અત્યાચારો અને મોહભંગનો એટલો ઊંડો પ્રભાવ છે કે તે ભવિષ્યનાં બંધ ઓરડામાં ગોઠવાઈ નથી શકતાં. કેવાં છે આ વૈજ્ઞાનિક, તર્કશીલ, ગૌરવપૂર્ણ અર્થબોધ કે જેણે આજે મનુષ્યને પોતાને પોતાના જ ભવિષ્ય પ્રત્યે એટલાં બધાં અસુરક્ષિત, ભયભીત અને અનાશક્ત બનાવીને છોડી દીધાં છે ?

એવું નથી કે આપણે બધા માણસો ભવિષ્યની બાબતમાં જાણતા નથી. આજના આધુનિક મનુષ્યએ ઈતિહાસ-બોધથી પ્રેરાઈને ભવિષ્યની બાબતમાં પરિકલ્પનાઓ અને સંભાવનાઓ શોધી છે, એને આધારે સંપૂર્ણ ભવિષ્યની એક પૂર્ણ રસાયણશાળા બનાવી શકાય છે. પરંતુ આ ભવિષ્યનું વર્તમાનની ત્રાસદી (આડ અસર) સાથે સંબંધ નથી, જો કે એમ કહી શકાયકે વર્તમાનની ત્રાસદી (આડ અસર)થી બચવા માટે આ 'ઐતિહાસિક ભવિષ્યનું' નિર્માણ કરવામાં આવ્યું છે. તે ભલે વર્ગહીન સમાજનું સ્વપ્ન હોય કે પછી કમ્પ્યૂટર-આધારિત 'રોબો' નું યંત્ર લોક હોય, એનાથી કોઈ ફરક પડતો નથી. આપણે બધાં વાસ્તવિક સમયમાં નહીં પણ એક કાલ્પનિક સમયમાં જીવી રહ્યાં છીએ. વધારે વિચિત્ર વાત એ છે કે એમાં મનુષ્યનાં મૃત્યુને હદપાર કરવામાં આવ્યું છે કેમકે આપણે જાતે જ આપણા મૃત્યુથી ભયભીત થઈને ભવિષ્યલોકમાં શરણ લીધું છે.

આ આધુનિકયુગની વિચિત્ર વિડંબના (યાતના) માનવામાં આવી છે કે, એક બાજુ આજનો મનુષ્ય 'ઈતિહાસ-બોધ' થી પ્રભાવિત છે, બીજીબાજુ મૃત ભૂતકાળ અને કાલ્પનિક ભવિષ્ય વચ્ચે ઈતિહાસની પોતાની જીવંત ધારા સુકાઈ ગઈ છે. જેવી રીતે નદીમાં ડૂબતો માણસ પાણી સાથે સંબંધ જોડી શકતો નથી એજ રીતે ઈતિહાસમાં ડૂબેલો માણસ સમયના મર્મને જાણી શકતો નથી. તે ઈતિહાસથી પ્રભાવિત થઈ શકે છે, પરંતુ એને પોતાના જીવન અને મૃત્યુનો સાક્ષી બનાવી શકતો નથી: એ ઈતિહાસ કે જે આ ધરતી ઉપર મનુષ્યનો સાક્ષી ન બની શકે એનો અર્થ શું ? એ જ કારણે આજે ઈતિહાસ-બોધ આધુનિક મનુષ્ય માટે અંધવિશ્વાસ બનીને રહી ગયો છે. જેની પાસે ભવિષ્યનો અર્થ શોધવાને નહીં પણ વર્તમાનથી છુટકારો મેળવવા માટેનું સાધન બની ગયો છે.

શું આપણે વર્તમાનથી છુટકારો મેળવી શકીએ છીએ ? શું વર્તમાન જ એક એવું કેન્દ્રબિંદુ નથી કે જયાં મનુષ્ય પોતાની નશ્વરતા પછી પણ ઈતિહાસમાં પોતાની સંપૂર્ણ સ્થિતિને સમજવા યોગ્ય છે. જયાં એક બાજુ તો મનુષ્ય નાશવંત છે અને બીજી તરફ એજ મનુષ્ય ઈતિહાસમાં જીવિત છે. આ નિયતિ એના વ્યક્તિગત ભૂતકાળ સાથે સંબંધ ધરાવે છે, પરંતુ એની સાથે સાથે એ મનુષ્યના ભવિષ્યને પણ આલોકિત કરે છે જેમાં બીજા લોકોની નિયતિપણ જોડાયેલી છે.

(૫૬૭ શબ્દો)

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

**Q4.** નીચેના ગદ્યખંડનો અંગ્રેજીમાં અનુવાદ કરો. **20**

વર્તમાન યુગ સૂચના અને ટેકનોલોજી (વ્યાવહારિક અથવા ઔદ્યોગિક કળા શાસ્ત્ર) નો યુગ છે. વિજ્ઞાનનાં ક્ષેત્રમાં થઈ રહેલા નવીન આવિષ્કારો કે શોધોએ માનવજાતિને જે ચકિત કરનારી સિદ્ધિઓથી સંપન્ન કરી છે, એમાં સૂચનાની યુક્તિ મુખ્ય છે. દુનિયાનાં કોઈપણ ખૂણામાં બેસીને આજે આપણે વૈજ્ઞાનિક સાધનોની મદદથી ક્યાંયથી પણ કોઈ સૂચના પ્રાપ્ત કરી શકીએ છીએ. સૂચના પ્રાપ્તિની આ સુવિધાએ દેશદેશ વચ્ચેના અંતરને ઘટાડી દીધું છે. હવે લાગે છે કે સંપૂર્ણ સંસાર સંકોચાઈને આપણી મુઠ્ઠીમાં આવી ગયો છે. આમ પણ 'વૈશ્વિકરણ' અને 'વસુધૈવ કુટુંબકમ્' ની વિભાવના વૈજ્ઞાનિક પ્રગતિના આ યુગમાં ઝડપથી ફળીભૂત થતી પ્રતીત થાય છે.

આજે આપણે એ યુગને યાદ કરીએ જ્યારે ટપાલ મોકલવા માટેની યોગ્ય વ્યવસ્થા ન હતી. સૂચનાઓનું આદાન પ્રદાન માત્ર સંદેશાવાહકો દ્વારા થતું હતું. આ કામ કે વ્યવસ્થામાં ખાસ્સો સમય લાગતો હતો. એ સમયે જીવન કેવું કષ્ટદાયક રહ્યું હશે એનું થોડું અનુમાન લગાવવું પણ આજે સહેલું નથી. સમયે પાસું ફેરવ્યું અને સૂચનાનાં ક્ષેત્રમાં નવાનવા પ્રયોગો થવા લાગ્યા. તાર-ટપાલ, ટેલીફોન, ટેલીગ્રામ વગેરેની વ્યવસ્થા ઊભી થઈ. પત્ર દ્વારા સંદેશાઓ પહોંચવા લાગ્યા. જીવનમાં ગતિ આવી, તેમજ રેડિયો અને ટેલિવિઝને આ દિશામાં પોતાની ગતિ વધારી. કમ્પ્યૂટરના આગમનની સાથે જ સૂચના જગતમાં મોટી ક્રાંતિનો જન્મ થયો. ઈન્ટરનેટ ના વિકાસ સાથે બધાં કમ્પ્યૂટરો એક બીજાં સાથે જોડાઈ ગયા. ઝડપી સંવાદમાં એનાથી પણ વધારે સરળતા થઈ ગઈ. સૂચના જગતમાં નવાંનવાં પરિવર્તનો આવી રહ્યાં છે. તેમજ નવામાં નવી જાણકારી તરત જ મળવા માંડી છે. આજે મનુષ્ય પોતાના કોઈપણ ઉત્પાદનનું પ્રસારણ આખાય વિશ્વમાં ક્યાંય પણ સહેલાઈથી કરી શકે છે. તે પરંપરાગત હથિયારો સાથે જોડાયા વિના યુદ્ધ કરી શકે છે. લગભગ બધાં જ ઘરો અને કાર્યાલયોમાં આજે કમ્પ્યૂટર અને ઈન્ટરનેટની સુવિધાઓ ઉપલબ્ધ છે, જેની મદદથી વિમાન, રેલ્વે, બસ અને સિનેમા વગેરેની ટિકિટ સહેલાઈથી મેળવી (બુક કરાવી) શકાય છે. આરક્ષણની સ્થિતિની જાણકારી પણ પ્રાપ્ત કરી શકાય છે. સડક ઉપર બનતી દુર્ઘટનાઓની જાણકારી મેળવી શકાય છે. આજે મોબાઈલ ઉપર ઉપલબ્ધ ઈન્ટરનેટના માધ્યમથી બધું જ ઘર બેઠાં પ્રાપ્ત કરી શકાય છે. ખરેખર સંવાદ અને સૂચનાઓનાં આદાન પ્રદાન માટેનું આ ઘણું સસ્તું સાધન છે.

www.prepp.in
Prepp
Your Personal Exams Guide

**Q5.** નીચેના અંગ્રેજી ગદ્યખંડનો ગુજરાતીમાં અનુવાદ કરો : *20*

Democracy stands much superior to any other form of government in promoting dignity and freedom of the individual. Every individual wants to receive respect from fellow beings. Often conflicts arise among individuals because some feel that they are not treated with due respect. The passion for respect and freedom are the basis of democracy. Democracies throughout the world have recognised this, at least in principle. This has been achieved in various degrees in various democracies. For societies which have been built for long on the basis of subordination and domination, it is not a simple matter to recognise that all individuals are equal.

Take the case of dignity of women. Most societies across the world were historically male dominated societies. Long struggles by women have created some sensitivity today that respect to and equal treatment of women are necessary ingredients of a democratic society. That does not mean that women are actually always treated with respect. But once the principle is recognised, it becomes easier for women to wage a struggle against what is now unacceptable legally and morally.

Prepp Your Personal Exam Guide

**Q6.** **(a)** **નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપી, વાક્યમાં પ્રયોજો.** *2×5=10*

(i) પગ ઉપર ઊભા થવું *2*

(ii) સૌ સારાવાના થવા *2*

(iii) ઊની આંચ ન આવવી *2*

(iv) પેટ મોટું હોવું *2*

(v) જીભ કપાઈ જવી *2*

**(b)** શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. *1×5=5*

(i) અવર જવર માટેનો સાંકડો રસ્તો *1*

(ii) અવગતે ગયો હોય તેવો આત્મા *1*

(iii) બળી ન જાય એવું *1*

(iv) શુભપ્રસંગે ગવાતાં ગીત *1*

(v) પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવનાર *1*

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

(c) નીચેના શબ્દોના વિરુધ્ધાર્થી શબ્દો આપો. *1x5=5*

(i) અનુકૂળ *1*

(ii) છીછરું *1*

(iii) આશક્ત *1*

(iv) વિશિષ્ટ *1*

(v) સ્વાધીન *1*

(d) નીચેના શબ્દોની જોડણી સુધારો. *1x5=5*

(i) વાલ્મિકી *1*

(ii) આર્શિવાદ *1*

(iii) કારકીર્દિ *1*

(iv) પૂત્રવધુ *1*

(v) ઉપયોગીતા *1*

(e) નીચેના શબ્દોના સમાનાર્થી/પર્યાયવાચી શબ્દો આપો. *1x5=5*

(i) ચંદ્ર *1*

(ii) આકાશ *1*

(iii) ચિરંજીવ *1*

(iv) અવાજ *1*

(v) લોહી *1*

(f) નીચેની કહેવતોનો અર્થ આપો. *2x5=10*

(i) ખાડો ખોદે તે પડે *2*

(ii) ઘરડાં વિના ગાડા ન વળે *2*

(iii) સંપ ત્યાં જંપ *2*

(iv) જનસેવા એજ પ્રભુસેવા *2*

(v) પાકે ઘડે કાઠા ન પડે *2*